# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


**તા.૦૬/૦૬/૨૦૨૫ શુક્રવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**સી.આર.પી.સી.કલમ ૮૨ મુજબ**

**આરોપીને કોર્ટમાં હાજર થવાનુ ફરમાનઃ-** **સમાચાર યાદી નં.૭૬૭/૨૦૨૫**

ગોમતીપુર પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૨૮૨/૧૯૮૦ ઈપીકો કલમ ૧૪૩, ૧૪૭,૧૪૯, ૩૦૭ મુજબ તથા સેશન્સ કેસ નંબર ૧૮૨/૨૦૨૫ મુજબ ગુનાના કામે આરોપી (૧) બાબુભાઈ નટવરભાઈ રાજપુત (રહે. મીટર ગેજ રેલવે સ્ટેશન અમદાવાદ શહેર મુળ વતન. નાગરવાડા સૈયદપુરા વડોદરા) (૨) મહમદ અલીભાઈ શેખ (રહે. મીટર ગેજ માતાજી મંદિરની પાસે કાલુપુર અમદાવાદ મુળ વતન. સોલારા રોડ પાખવી વાડ ભાવનગર) (૩) મહમદ ઈબ્રાહીમ અજગરઅલી અંસારી (રહે. મીટર ગેજ રેલવે સ્ટેશન માતાજી મંદિર પાસે અમદાવાદ મુળ વતન. પ્રતાપગઢ ઉત્તર પ્રદેશ ) (૪) બાબુભાઈ કાંતિભાઈ ભરવાડ (રહે. ભગવતી હોટલ કાલુપુર મીટર ગેજ રેલવે સ્ટેશન અમદાવાદ મુળ વતન.ઉદેપુર હાથીપોળ નેહરૂબજાર તા.ઉદેપુર રાજસ્થાન) (૫) કાંતિલાલ ખુશાલદાસ પટેલ (રહે. ગોવાજી રબારીના મકાનમાં અમરાઈવાડી રામનગર ભીલવાડા અમદાવાદ) નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નાસતા-ફરતા હોય નામદાર જજ શ્રી પી.બી.પટેલ સાહેબ, સીટી સીવીલ એન્ડ સેશન્સ કોર્ટ નંબર-૩૧ લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ તા.૦૯/૦૬/૨૦૨૫ ના રોજ હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૬૮/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૩ કેસ કરી, ૪૬ વ્યક્તિઓને ઝડપી, ૯૧ લીટર દેશી દારૂ, ૪૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૧૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪૬ બિયર ટીન, ૨ સ્કુટર અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૬૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૬૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૬૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ચોરીઃ–** **સમાચાર યાદી નં.૭૭૦/૨૦૨૫**

**સોલા હાઈકોર્ટઃ** રાહુલભાઈ બીપીનભાઇ પટેલ (રહે. પટેલવાસ ગામ બોરીસણા તા–કડી જી–મહેસાણા) એ તા.૦૫/૦૬/૨૦૨૪ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૦૫/૨૦૨૫ બપોરના ૪/૩૦ થી સાંજના ૭/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ભાડજ સર્કલ પાસે સેવંથ સીઝ પાર્ટી પ્લોટની બાજુમાં આવેલ પાર્ક વ્યુ એક્સ્ચેન્જ નજીક પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી કારમાંથી અજાણી વ્યક્તિ બેગ ચોરી કરી લઈ ગઈ હતી. જે બેગમાં રોકડ રૂપિયા ૨,૦૦,૦૦૦/– તેમજ જરૂરી દસ્તાવેજ હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.બી.મેસવાણીયા ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૭૭૧/૨૦૨૫**

**સરખેજઃ** સાનીયા ડો/ઓ રાકેશભાઇ શાહ (ઉ.વ.૨૮) (રહે. પામગ્રીન ઔડાના ગાર્ડન સામે ટૉરેન્ટ પાવર રોડ મકરબા સરખેજ) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૬/૨૦૨૫ કલાક ૧૨/૦૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે સાતમા માળથી પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિક્રમભાઇ રામજીભાઇ ચલાવે છે.

**વટવાઃ** સુબોધભાઇ વિનોદભાઇ પરમાર (ઉ.વ.૪૧) (રહે. સંકલ્પ રેસીડન્સી દેવડીયાપરા સામે વટવા) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૬/૨૦૨૫ સવારના ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રતિપાલસિહ પ્રવિણસિહ ચલાવે છે.

**નારોલઃ** જીતેન્દ્ર અશોકભાઇ પરમાર (ઉ.વ.૩૪) (રહે. ઇન્દીરાનગર વિભાગ–૧ લાંભા નારોલ) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૬/૨૦૨૫ સવારના ૬/૦૦ થી ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે છતમાં પંખાના હુક સાથે કપડું બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી શાર્દુલભાઇ ગણપતભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી